## ઔદ્યોગિક અદાલત નં.૨ ના પ્રમુખ અધિકારીશ્રી સમક્ષ, સુરત.

રેફરન્સ(આઈ.ટી.)નં.૦૬/૨૦૧૮

::– આંક–૦૧ નીચે હુકમ –::

આ કામે કોર્ટ સમય પુરો થતા સુધી બીજા પક્ષકારનો અવાર નવાર પોકાર કરાવવા છતાં કોઈ હાજર થયેલ નથી, પુરાવો રજુ થયેલ નથી કે પુરાવો રજુ કરવા માટે મુદત અરજી પણ રજુ થયેલ નથી.

આ કામ તા.૧૩/૧૨/૨૦૨૪ ના રોજથી બીજા પક્ષકાર તરફે પુરાવો રજુ કરવા ઉપર ચાલે છે. ત્યાર બાદ આ કામ બીજા પક્ષકારના પુરાવા માટે તા.૨૭/૧૨/૨૦૨૪, તા.૨૪/૦૧/૨૦૨૫, તા.૧૪/૦૨/૨૦૨૫, તા.૨૧/૦૩/૨૦૨૫, તા.૧૧/૦૪/૨૦૨૫, તા.૦૨/૦૫/૨૦૨૫, તા.૩૦/૦૫/૨૦૨૫, તા.૨૦/૦૬/૨૦૨૫, તા.૦૪/૦૭/૨૦૨૫ તથા આજ તા.૧૮/૦૭/૨૦૨૫ ના રોજ ઉપર મુલતવી રાખવામાં આવેલ છે. આ તમામ મુદતોએ બીજા પક્ષકાર તરફે કામદાર હાજર રહેલ નથી કે પુરાવો રજુ થયેલ નથી. તા.૧૪/૦૨/૨૦૨૫, તા.૨૧/૦૩/૨૦૨૫ અને તા.૧૧/૦૪/૨૦૨૫ ના રોજની મુદત સિવાય પુરાવો રજુ કરવા માટે બીજા પક્ષકાર તરફે મુદત અરજી રજુ થયેલ નથી. તેમ છતાં આ કામ બીજા પક્ષકારના પુરાવા માટે મુલતવી રાખવામાં આવેલ છે. આજરોજ પણ કોર્ટ સમય પુરો થતા સુધી બીજા પક્ષકાર તરફે કોઈ હાજર નથી, પુરાવો રજુ થયેલ નથી કે પુરાવો રજુ કરવા માટે મુદત અરજી રજુ થયેલ નથી. આ કામ ૨૦૧૮ ની સાલનું જુનુ કામ છે. જેથી આ કામ બીજા પક્ષકાર તરફે પુરાવો રજુ થવા વધુ સમય માટે મુલતવી રાખવુ યોગ્ય અને ન્યાયોચિત જણાતુ ન

હોઈ બીજા પક્ષકારનો પુરાવો રજુ કરવાનો હકક બંધ કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ રહેતો નથી. જેથી ન્યાયના હીતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

::– હુકમ –::

આથી બીજા પક્ષકારનો પુરાવો રજુ કરવાનો હકક બંધ કરવામાં આવે છે અને આ કામ પ્રથમ પક્ષકારના પુરાવા ઉપર રાખવામાં આવે છે.

તા.૧૮/૦૭/૨૦૨૫
મુ.સુરત.

( જયેશકુમાર શામળદાસ પટેલ )
સભ્ય,ઔદ્યોગિક અદાલત નં.૨, સુરત.
જજ કોડ : જીજે ૦૦૫૬૧

(સ્ટેનોઃ– સી.જી.ચૌધરી)